# *-::Order Below Exhibit: 5::-*

## ૧.)પ્રસ્તાવના:

આ કામના વાદીએ સદર દાવામાં સીવીલ પ્રોસીઝર કોડની ઓર્ડર ૩૯ રૂલ ૧ તથા ૨ કલમ: ૧૫૧ હેઠળ હાલની અરજી કરી દાવાના આખરી નિર્ણય સુધી કામ ચલાઉ મનાઇ મેળવવા માટે અરજ કરેલ છે.

## ૨.) વાદીના કેસની ટુંકમા હકિકત:–

૨.૧) વાદીના કેસની હકિકત ટુંકમાં એવી છે કે, અમો વાદી બ્રીટીશ નાગરીકત્વ ધરાવીએ છીએ તેમજ અમારે ભાણેજ સાથે હાલમાં રહીએ છીએ. ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ શહેર અમદાવાદના સીટી તાલુકાના મોજે બોડકદેવ ગામની સીમનાં સર્વેનં. ૨૫૭/૧, ૨૫૭/૨, ૨૫૭/૩, ટી.પી. સ્કીમ નં. ૧ બી ફાઈનલ પ્લોટ નં. ૩૫૦ ની જમીનમાં શુભલક્ષ્મી કો.ઓ.હા.સોસાયટી લી. વિ. ૧ આવેલ છે. સદર સોસાયટીના સાતમાં માળના ફલેટ નં. ડી. ૭૦૨ વાળી ૭૫ સ.ચો.મી બાંધકામ ની અને ૨૨ સ.ચો.મી વણવહેંચાયેલ હીસ્સા સહિતની મીલ્કત અમો વાદીએ તેના મુળ માલીક દીનેશકુમાર યાદરામ શર્મા ના પાવર ઓફ એટર્ની હોલ્ડર વીરલ અરુણભાઈ પંચાલ પાસેથી તા.૨૧/૬/૦૭ નારોજ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુકમ નં. ૬૬૭૧ થી તેના વેચાણ અવેજની પુરેપુરી રકમ ચુકવી ખરીદ કરેલ.

૨.૨) વધુમાં વાદીના પતિને પ્રતિવાદી નં. ૧, ૨ ના પિતા–સસરા સાથે સંબંધ રચાતા અમો વાદીના પતિએ અરુણભાઈ પંચાલને અમો વાદીની પતિની માલીકી નો એ/૧૨ વાળો અનન્ય કો.ઓ.હા. સોસાયટીના નો બંગલો

સાફ સફાઈ માટે આગળ અને પાછળના રૂમની ચાવી આપેલ.

૨.૩) વધુમાં પ્રતિવાદી નં. ૧ અમો વાદી અને અમારા પતિને મોહીની ટાવર, બોડકદેવમાં આવેલ સાતમા માળના બે ફ્લેટ અનુક્રમે નં. ડી/૭૦૧ તથા ડી/૭૦૨ જોવા લઈ ગયેલ અને તે બંને ફ્લેટો અમો વાદી તથા અમારા પતિને પસંદ પડતા પ્રતિવાદી નં ૧ મારફતે તા.૨૧/૬/૨૦૦૭ નારોજ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં ૬૬૭૧ થી વેચાણ અવેજ ચુકવણી અમો વાદીના નામે ખરીદ વેચાણ કરેલ. ત્યારબાદ આ કામે પ્રતિવાદીનં ૧ એ ખોટી રીતે સહી સિક્કા કરાવીને સદર મિલકત સી.૪૦૨ મિલકત સમજાવી, પટાવી નરોડા સબરજીસ્ટાર ઓફીસમાં જઈને કરાવાના છે. તેમ કહી તેની પત્ની પ્રતિવાદી નં. ૨ ના નામથી કરાવી દીધેલ. ત્યારબાદ સદર દસ્તાવેજ મિલકત પ્રતિવાદી નં ૨ નાએ શીવપ્રકાશ ભગવતીપ્રસાદ દીક્ષીત ને ગેરકાયદેસર રીતે વેચાણ દસ્તાવેજ કરી આપેલ.

૨.૪) વધુમાં આ કામે વાદીના ભાણેજ હીરેનભાઈ નો તા. ૨૫/૧/૨૦૧૧ નારોજ યુ.કે. માં મારા પતિ ઉપર ફોન આવેલ ને અમારા ભાણેજ ફોન ઉપર જણાવેલ કે, અમો વાદીના પતિનો એ/૧૨ વાળો અનન્ય સોસાયટીનો બંગલો વેચાયેલ છે.

૨.૫) આમ સદર કામે હાલનો દાવો કરી મનાઈ અરજીની સબબની અરજ કરેલ છે.

## ૩.) <u>કેસની કાર્યવાહી:-:</u>

સબબ કામે વાદીના દાવા અરજી અને મનાઈ અરજીના અનુસંધાને

આ કામે પ્રતિવાદીઓને સમન્સ/ નોટીસ કરવામાં આવેલ. જે નોટીસો પ્રતિવાદી નં.૧ અને ૨ નાઓને અનુક્રમે આંક: ૮ અને ૯ થી બજી ગયેલ છે. તેમજ આ કામે પ્રતિવાદીઓનાઓ વતી કોઈ હાજર થયેલ છે તેમજ સદર કામે તેઓ આજદીન સુધી વાદીના દાવા અરજીનો કોઈ લેખિત જવાબ રજુ કરતાં ન હોય તેઓ વિરુધ્ધ જવાબ રજુ કરવાનો હક બંધ કરેલ છે. તેમજ આ કામે પ્રતિવાદી નં ૩ નાઓને નોટીસ બજતાં તેઓએ વાદીના દાવા અરજી લગત આંક: ૨૨ થી લેખિતમાં જવાબ રજુ કરેલ છે. જેમાં પોતે વાદીના દાવા અરજી લગત ટ્રાન્સઝેકશન લગત કાંઈ જાણતાં નથી તેમજ તેઓ એક બોનાફાઈડ પરચેઝર છે.

## ૪.) વાદીઓ તરફે વિ.વ. આર.જી.મોદી

વાદીનાઓ તરફે વિ.વ.શ્રી રજુઆત છે કે, દાવાવાળી તકરારી મિલકત અમોની માલીક હતા. આ કામના પ્રીતવાદી નં.૧ અને ૨ નાએ એકબીજા મેળાપીપણા અમો વાદીને સાથે છેતરપીડી કરીને સદર તકરારી મિલકત અમારી સંમતિ વિના વેચાણ કરી દીધેલ છે. અમો પ્રથમદર્શીનીય રીતે વાદીની તરફેણમાં કેસ છે. જો વાદીની હાલની મનાઈ અરજી નામંજુર કરવામાં આવે તો વાદીઓને ભરપાઈ ન થઈ શકે તેવુ નુકસાન જાય તેમ છે. મનાઈ અરજી મંજુર કરવામાં આવે તો સગવડની સમતુલા સચવાઈ રહે. આમ, વાદીની મનાઈ અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

## (બ) પ્રતિવાદી નં. ૩ નાઓ વિ.વ.શ્રી એચ.એ.શાહ:

આ કામે પ્રતિવાદી નં. ૩ નાઓ તરફે રજુઆત છે કે, અમો સદર મિલકતના બોનાફાઈડ પરચેઝર છીએ. જો મનાઈ હુકમ આપવામાં આવે

તો અમો નુકસાન જાય તેમ છે. તેમજ અમોને સદર મિલકતના માલીક તેમજ કબજેદાર છીએ. અમારો પ્રાઈમાફેસી કેસ છે. આમ, સદર કામે મનાઈ હુકમ ન આપવા અરજ કરેલ છે.

૫.) સદર કામે વાદી તરફે આંક: ૩ ના લીસ્ટથી નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

| ક્રમ | વિગત | નિશાની |
|---|---|---|
| ૧ | વેચાણ દસ્તાવેજ નં. ૬૬૭૧ ની ઝેરોક્ષ નકલ | નિ: ૩/૧ |
| ૨ | વેચાણ દસ્તાવેજ નં. ૧૩૮૧૮ ની ઝેરોક્ષ નકલ | નિ: ૩/૨ |
| ૩ | વેચાણ દસ્તાવેજ નં. ૮૨૭૫ ની ઝેરોક્ષ નકલ | નિ: ૩/૩ |
| ૪ | દૈનિક પેપરમાં આપેલ જાહેર નોટીસ | નિ: ૩/૪ |
| ૫ | પોલીસને ફરિયાદ ની ઝેરોક્ષ નકલ | નિ: ૩/૫ |
| ૬ | ફરિયાદની નકલ | નિ: ૩/૬ |
| ૭ | એ/૧૨ ના બંગ્લામાં રહેલ વસ્તુઓની યાદી | નિ: ૩/૭ |
| ૮ | બેંકના ખાતાના ઉતારાની નકલ | નિ: ૩/૮ |
| ૯ | ફરિયાદ રજી.કર્યાની પોસ્ટ ખાતાની નકલ | નિ: ૩/૯ |
| ૧૦ | એકનોલેજમેન્ટની નકલ | નિ: ૩/૧૦ |
| ૧૧ | બેંક રૂા. ૧ લાખ ચુકવ્યાની ઉતારાની નકલ | નિ: ૩/૧૧ |
| ૧૨ | વાદીનો પાસપોર્ટની નકલ | નિ: ૩/૧૨ |
| ૧૩ | વાદીના પતિનો પાસપોર્ટની નકલ | નિ: ૩/૧૩ |
| ૧૪ | પ્રતિવાદી નં. ૧ ને નોટીસ જે પરત આવેલ કવર | નિ: ૩/૧૪ |
| ૧૫ | પ્રતિવાદી નં. ૧ ને નોટીસ જે પરત આવેલ કવર | નિ: ૩/૧૫ |
| ૧૬ | ફ્લેટ ડી–૪૦૨ ના રજીસ્ટર્ડ વેચાણના દસ્તાવેજ નકલ | નિ: ૩/૧૬ |
| ૧૭ | પ્રતિવાદી વિરુધ્ધ કરેલ ફરિયાદની અરજી લગત હુકમ | નિ: ૩/૧૭ |
| ૧૮ | પ્રતિવાદીએ સેટેલાઈટ પો.સ્ટેમાં કરેલ ફરિયાદની નકલ | નિ: ૩/૧૮ |

| | | |
|---|---|---|
| ૧૯ | પ્રતિવાદી નં. ૧ વિરુધ્ધ સેટેલાઇટ પો.સ્ટે. ચાર્જશીટ નકલ | નિ: ૩/૧૯ |
| ૨૦ | સેટેલાઇટ પો.સ્ટેના ફોટાની નકલ | નિ: ૩/૨૦ |

૬.) સદર અરજીનાં નિર્ણય અર્થે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧). શું વાદીનો પ્રથમદર્શનીય કેસ છે ?

૨). શું વાદીને પૈસાથી ન મળી શકે તેવું પારાવાર નુકશાન થાય તેમ છે ?

૩). શું સમતુલાનું પલ્લું વાદીની તરફેણમાં છે ?

૪). શું હુકમ ?

૭). ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો નીચે મુજબ છે.

૧). નકારમાં

૨). નકારમાં

૩). નકારમાં

૪). આખરી હુકમ મુજબ.

**<u>–:: કારણો ::–</u>**

**<u>મુદ્દા નંબર ૧ થી ૩ ની સંયુકત ચર્ચા :–</u>**

૮. વાદીના કેસની હકિકત ટુંકમાં એવી છે કે, અમો વાદી બ્રીટીશ નાગરીકત્વ ધરાવીએ છીએ તેમજ અમારે ભાણેજ સાથે હાલમાં રહીએ છીએ. ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ શહેર અમદાવાદના સીટી તાલુકાના મોજે બોડકદેવ ગામની સીમનાં સર્વેનં. ૨૫૭/૧, ૨૫૭/૨, ૨૫૭/૩, ટી. પી. સ્કીમ નં. ૧ બી ફાઇનલ પ્લોટ નં. ૩૫૦ ની જમીનમાં શુભલક્ષ્મી કો.ઓ.હા.સોસાયટી લી. વિ. ૧ આવેલ છે. સદર સોસાયટીના સાતમાં માળના ફલેટ નં. ડી. ૭૦૨ વાળી ૭૫ સ.ચો.મી બાંધકામ ની અને ૨૨

સ.ચો.મી વણવહેંચાયેલ હીસ્સા સહિતની મીલ્કત અમો વાદીએ તેના મુળમાલીક દીનેશકુમાર યાદરામ શર્મા ના પાવર ઓફ એટર્ની હોલ્ડર વીરલ અરુણભાઇ પંચાલ પાસેથી તા.૨૧/૬/૦૭ નારોજ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુકમ નં. ૬૬૭૧ થી તેના વેચાણ અવેજની પુરેપુરી રકમ ચુકવી ખરીદ કરેલ.વધુમાં વાદીના પતિને પ્રતિવાદી નં. ૧, ૨ ના પિતા- સસરા સાથે સંબંધ રચાતા અમો વાદીના પતિએ અરુણભાઇ પંચાલને અમો વાદીની પતિની માલીકી નો એ/૧૨ વાળો અનન્ય કો.ઓ.હા. સોસાયટીના નો બંગલો સાફ સફાઈ માટે આગળ અને પાછળના રૂમની ચાવી આપેલ. વધુમાં પ્રતિવાદી નં. ૧ અમો વાદી અને અમારા પતિને મોહીની ટાવર, બોડકદેવમાં આવેલ સાતમા માળના બે ફ્લેટ અનુક્રમે નં. ડી/૭૦૧ તથા ડી/૭૦૨ જોવા લઈ ગયેલ અને તે બંને ફલેટો અમો વાદી તથા અમારા પતિને પસંદ પડતા પ્રતિવાદી નં ૧ મારફતે તા.૨૧/૬/૨૦૦૭ નારોજવેચાણ દસ્તાવેજ અનુક્રમ નં ૬૬૭૧ થી વેચાણ અવેજ ચુકવણી અમો વાદીના નામે ખરીદ વેચાણ કરેલ. ત્યારબાદ આ કામે પ્રતિવાદીનં ૧ એ ખોટી રીતે સહી સિક્કા કરાવીને સદર મિલકત સી.૪૦૨ મિલકત સમજાવી, પટાવી નરોડા સબરજીસ્ટાર ઓફીસમાં જઇને કરાવાના છે. તેમ કહી તેની પત્ની પ્રતિવાદી નં. ૨ ના નામથી કરાવી દીધેલ. ત્યારબાદ સદર દસ્તાવેજ મિલકત પ્રતિવાદી નં ૨ નાએ શીવપ્રકાશ ભગવતીપ્રસાદ દીક્ષીત ને ગેરકાયદેસર રીતે વેચાણ દસ્તાવેજ કરી આપેલ. વધુમાં આ કામે વાદીના ભાણેજ હીરેનભાઈ નો તા. ૨૫/૧/૨૦૧૧ નારોજ યુ.કે. માં મારા પતિ ઉપર ફોન આવેલ ને અમારા ભાણેજ ફોન ઉપર જણાવેલ કે, અમો વાદીના પતિનો એ/૧૨ વાળો અનન્ય સોસાયટીનો

બંગલો વેચાયેલ છે.

## એ) રેકર્ડ ઓફ રાઈટસ આધારે:–

૯.૧) આ કામે વાદીએ પોતાના કથનોના સમર્થનમાં રજુ થયેલ દસ્તાવેજો જોવામાં આવે તો નિ: ૩/૧ દાવાવાળી મિલકતનો વેચાણ દસ્તાવેજ નં. ૬૬૭૧ ની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. જેમાં વાદીએ મિલકત વેચાણ રાખેલ છે. નિ: ૩/૨ થી દાવાવાળી મિલકતનો વેચાણ દસ્તાવેજ નં. ૧૩૮૧૮ ની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. જેમાં વેચાનાર તરીકે ઉમિલાબેન રતીભાઈ પટેલ (વાદી) અને ખરીદનાર તરીકે બિન્દા વિરલ પંચાલનાઓના (પ્રતિવાદી નં. ૨) નુ નામ દર્શાવેલ છે. નિ: ૩/૩ થી દાવાવાળી મિલકતનો વેચાણ દસ્તાવેજ નં. ૮૨૭૫ ની નકલ રજુ કરેલ છે. જેમાં ખરીદનાર તરીકે (પ્રતિવાદી ન.૩) અને વેચનાર તરીકે (પ્રતિવાદી ન.૨) નાઓના નામ દર્શાવેલ છે. નિ: ૩/૫, નિ: ૩/૬ થી વાદીએ પોલીસ કમીશ્નરને એસ.ઓ.જીને આપેલ ફરિયાદની નકલ તેમજ તેની મહાનીરીક્ષક ગુન્હા શોધક શાખાને મોકલાવેલ ફરિયાદની નકલ રજુ કરેલ છે. નિ: ૩/૭ થી મિલકત એ/૧૨ વાળા બંગલામાં રહેલ વસ્તુઓની યાદીનુ લીસ્ટ રજુ કરેલ છે. નિ: ૩/૮ બેંક્ના ખાતાના ઉતારની નકલ રજુ કરેલ છે. નિ: ૩/૯ અને નિ: ૩/૧૦ થી ફરિયાદ રજીસ્ટર્ડ પો.સ્ટ કરેલ રસીદ તેમજ એકનોલેજમેન્ટ રજુ કરેલ છે. નિ: ૩/૧૧ થી ખાતાના ઉતારાની નકલ રજુ કરેલ છે. નિ: ૩/૧૨ અને નિ: ૩/૧૩ થી પાસપોર્ટ ની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. નિ: ૩/૧૪, ૧૫ થી પ્રતિવાદી નં ૧ ને મોકલેલ નોટીસ પરત આવેલ કવર, નિ: ૩/૧૬ થી પ્રતિવાદી નં. રજીસ્ટર્ડ

દસ્તાવેજ ની નકલ રજુ કરેલ છે. નિ: ૩/૧૭ થી ફરિયાદના હુકમ તેમજ તેની નીચે થયેલ હુકમ ની નકલ. નિ: ૩/૧૮ થી ૨૦ સેટેલાઇટ પો.સ્ટેમાં આપેલ ફરિયાદ, ચાર્જશીટ તેમજ આરોપીના ફોટાની નકલ રજુ કરેલ છે.

૧૦.) આ કામે વાદી તરફે રજુઆત અનુસંધાને સદર કામે વાદીનાઓ પોતે કબ્જેદાર કે સદર જમીન પરત્વે તેઓ માલીક હોવાનુ આ તબકકે પ્રથમદશીનીય દર્શાવી શકેલ નથી. વધુમાં આ કામે પ્રીતવાદી નં. ૩ નાઓ નામે હાલમાં દાવાવાળી મિલકતના વેચાણ દસ્તાવેજથી ખરીદેલ છે. વધુમાં સમન્યાચી ના સિધ્ધાંત અનુસાર અને સગવળની સમતુલા જોતાં જે વાદીની તરફેણમાં નથી. તેમજ વાદીઓ પૈસાથી ભરપાઇ ન થઇ શકે તે પ્રકારનુ નુકસાન દર્શાવી શકેલ નથી. આમ, વાદીનો કોઇ પ્રથમદર્શીનીય કેસ પુરવાર કરી શકેલ નથી. તેમજ સદર કામે વાદી જે દસ્તાવેજો કેન્સલેસ માટે દાદ માંગેલ છે. તે દસ્તાવેજ પરત્વેની દાદ વાદીએ સદર દાવો ત્રણ વર્ષ બાદ કરેલ છે. આમ, વાદીનો પોતાના પ્રાઇમાફેસી કેસ પુરવાર કરી શકેલ નથી.

૧૧). આમ, ઉપરોકત ચર્ચા આધારો વાદીઓ પોતાનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરી શકેલ નથી તેમજ જો વાદીઓની તરફેણમાં મનાઈ હુકમ આપવામાં ન આવે તો વાદીને ભરપાઈ ન થાય તેવું કોઈ નુકશાન જાય તેવું પ્રથમદર્શનીય રીતે પુરવાર કરી શકેલ નથી તેમજ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં નથી. આમ મુદ્દા નંબર ૧ થી ૩ નો જવાબ નકારમાં આપવામાં આવે છે તેમજ મુદ્દા નંબર ૪ અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

૧. વાદીની મનાઈ અરજી રદ કરવામાં આવે છે.

૨. અરજીનો ખર્ચ દાવાનાં આખરી પરીણામને અનુસરશે.

આજરોજ તારીખઃ–૦૪ મી માહે ઓગસ્ટ સને ૨૦૧૮ નાં રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :– ૦૪/ ૦૮/૨૦૧૮. (જીગ્નેશ વિષ્ણુભાઈ પટેલ)
અમદાવાદ(ગ્રામ્ય) રૂરલ બીજા એડી. સીનીયર સીવીલ જજ
અમદાવાદ(ગ્રામ્ય) રૂરલ
U.Id.code no.GJ00960)